ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૨૩૫/૨૦૨૩, તા.૦૩/૦૭/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૬/૦૬/૨૦૨૩ થી તા.૦૨/૦૭/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. જા.જોગ નં.૧૦/૨૩ તા.૨૨/૬/૨૩ ના કામે ગુમ થનાર ધર્મેશભાઇ પ્રધાનભાઇ પાંજરી ઉ.વ.૩૦ રહે. બોખીરા કે.કે.નગર રમેશ પાનની બાજુમાં પોરબંદર વાળાને તા.૨૬/૬/૨૩ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે. પો.હેડ કોન્સ.પી.ડી.સરવૈયા નાઓએ પોરબંદરથી શોધી કાઢેલ છે.

(૨) કમલાબાગ પો.સ્ટે. જા.જોગ.નં.૧/૨૦૨૩ તા.૯/૧/૨૦૨૩ ના કામે ગુમ થનાર સંગીતાબેન W/O મનોજભાઇ મકવાણા ઉ.વ.૪૦ રહે.કડીયા પ્લોટ નાગબાપાના મંદીર પાસે, પોરબંદર વાળીને તા.૩૦/૬/૨૩ ના રોજ કમલાબાગ પો.સ્ટે. PSI વી.ડી.વાઘેલાનાઓએ પોરબંદરથી શોધી કાઢેલ છે.

(૩) બગવદર પો.સ્ટે. જા.જોગ નં.૭/૨૩ તા.૩૦/૫/૨૩ ના કામે ગુમ થનાર શાંતિબેન W/O પ્રતાપભાઇ મોઢવાડીયા ઉ.વ. ૨૮ વર્ષ રહે.પારાવાડા ગામ તા.જી.પોરબંદર વાળી તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ બાંટવા ગામ જી.જુનાગઢ થી પો.હેડ કોન્સ. એલ.ડી.સીસોદીયા દ્વારા શોધી કાઢેલ છે.

(૪) ઉદ્યોગનગર પો.સ્ટે. જા.જોગ નં.૧૧/૨૩ તા.૨૪/૬/૨૩ ના કામે ગુમ થનાર પુજાબેન D/O ટપુભાઇ ચાંચીયા ઉ.વ. ૨૦ વર્ષ રહે.વણકરવાસ ઓડદર ગામ તા.જી.પોરબંદર વાળીને તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે. UHC આર.જે.ગલે રાજકોટથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા, કોલેજ માં ચર્ચા/ડીબેટ અથવાતો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોયઃ-**

મહિલા પોલીસ સ્ટેશન તા.૨૯/૦૬/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન ના PI આર.એમ.રાઠોડના માર્ગદર્શન હેઠળ મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ લાવવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇનનો ઉપયોગ કરવા માટે પો.સબ.ઇન્સ શ્રી કે.એમ.સૈયદ સાહેબ તથા મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ નાઓ દ્વારા સત્યનારાયણ મંદિર ખાતે ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ,મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ. આ ઉપરાંત મહિલાઓ તથા બાળકોને, ઘરેલુ હિંસા, છેડતી તથા મહિલા/યુવતીને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવી હતી.સાયબર ફ્રોડ તેમજ મોબાઈલમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવા ને બદલે તાત્કાલિક વડીલો ને અથવા પોલીસને જાણ કરી દેવી જોઈએ. વિગેરે જાણ કરી.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) કીર્તીમંદીર પોલીસ સ્ટેશન ના જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષકશ્રી તથા પોરબંદર પોલીસ અધિક્ષકશ્રી નામદાર કોર્ટ તરફથી આવતા સમન્સ તથા વોરંટ તથા અન્ય નામદાર કોર્ટના હુકમોની અમલવારી સત્વરે કરવા કરેલ સુચના અન્વયે અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રી નિલમ ગોસ્વામીને ઉપલેટા કોર્ટ તરફથી ત્રણ વર્ષના બાળકનો કબ્જો મેળવવા માટે મળેલ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રી નિલમ ગોસ્વામીએ

કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટર વી.પી.પરમાર તથા ડી-સ્ટાફ PSI આર.કે.કાંબરીયા તથા ડી-સ્ટાફના માણસો છેલ્લા એક મહીનાથી સદર બાળકને શોધી કાઢવા બાબતે ખાનગી રાહે વોચ તપાસ રાખી રહેલ હતા તે દરમ્યાન ડી.સ્ટાફના PC વિશાલભાઈ વિંઝુડાને તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ ખાનગી રાહે હકીકત મળેલ કે સદર ૦૩ વર્ષનો બાળક હાલ જુનાગઢ ખાતેના ધારાગઢ દરવાજા ખાતે એક દુકાને ભાગ લેવા માટે આવેલ છે તેવી હકીકતના આધારે બાતમી વાળી જગ્યાએ સદર બાળકના મોટા બાપુ વસીમભાઈ અકરમભાઈ સુમા રહે.બોખીરા આવાસ પોરબંદર મારફતે તપાસ કરાવતા સદર બાળક ત્યા હાજર મળી આવતા બાળકને તેના મોટા બાપુ સાથે રખાવી નામદાર ઉપલેટા કોર્ટમા તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ રજુ કરી બાળકનો કબ્જો તેની માતા સેનાઝબેનને સોપવા હુકમ કરતા સદર ૦૩ વર્ષના બાળકનો કબ્જો તેની માતા સેનાઝબેનને સોપી છેલ્લા એક વર્ષથી નહી મળી આવતા બાળકને શોધી તેની માતા સેનાઝબેનને સોપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ. જે કામગીરીમાં DYSP CITY નિલમ ગૌસ્વામી, કીર્તિમંદિર પો.સ્ટે.ના PI શ્રી વી.પી.પરમાર, ડી-સ્ટાફ PSI શ્રી આર.કે.કાંબરીયા, PSI શ્રી આર.કે.ચાવડા, HC ભાવીન પી.કારેણા, PC વિશાલભાઈ વિંઝુડા,જીતુ રાજશીભાઈ દાસા,અરવિંદ કાનાભાઈ શામળા,રાજુ દેવશીભાઈ ઓડેદરા, મસરીભાઈ કાનાભાઈ ભુતીયા, કીર્તિબેન ભરતભાઈ ઓડેદરા નાઓ રોકાયેલ હતા.

(૨) હાર્બર મરીન પોલીસ સ્ટેશનના તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ સ્ટાફ દ્વારા મહીલા પો.સ્ટે. ની સી ટીમ તથા મહીલા હેલ્પ લાઈન ૧૮૧ સાથે સંકલનમાં રહી સુદામાચોક ખાતે સીનીયર સીટીજનની મુલાકાત લઈ તેઓને તેમના રક્ષણ/સલામતી માટે કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ મહીલા તથા પુખ્ત વયની બહેનોની મુલાકાત લઈ મહીલા હેલ્પ લાઈન-૧૮૧ બાબતે તથા તેમની સલામતી અને રક્ષણ માટે કાયદાકીય જ્ઞાન આપવામાં આવેલ.

(૩) મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા મહીલા હેલ્પ લાઈન વિશે તેમજ શી ટીમની કામગીરી વિશે માહીતગાર કર્યા. તેમજ સીનીયર સીટીઝન તથા મહીલાઓની મુલાકાત લઈ કોઈ મુશ્કેલી હોય પોલીસનો સંપર્ક સાધવા અંગે જરૂરી સમજ કરવામાં આવેલ.
તા.૦૧/૦૭/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વાડી પ્લોટ વિસ્તારમા સીનીયરસીટીજનો અને મહિલાઓની મુલાકાત કરવામા આવી તેમજ તેમને કોઇ મુશ્કેલી હોયતો પોલીસ નો સંપર્ક સાધવા માહિતગાર કરવામા આવ્યા.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) મહિલા પોલીસ સ્ટેશનના તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન ના PI આર.એમ.રાઠોડ દ્વારા મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને બાળકોમા ડ્રગ્સના સેવનથી થતા નુકશાન અંગે તેમજ સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ લાવવા માટે પો.સબ.ઇન્સ કે.એમ.સૈયદ તથા મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા નવયુગ વિધ્યાલય તથા આઇ.ટી.આઇ કોલેજ ખાતે બાળકો તથા યુવાનોને ડ્રગ્સના સેવનથી થતા નુકશાન અંગે તથા ડ્રગ્સ નુ સેવન ન કરવા અંગે અવેરનેસ કાર્યક્રમ યોજેલ જેમા બાળકો તથા યુવાનો તેમજ યુવતીઓને ને સાયબર ક્રાઇમ વિષે તેમજ ઇ.એફ.આઇ.આર. અંગે માહિતગાર કરવામા આવ્યા. તેમજ. સાયબર ફ્રોડ તેમજ મોબાઈલમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવા ને બદલે તાત્કાલિક વડીલો ને અથવા પોલીસને જાણ કરી દેવી જોઈએ તેમજ ઘરેલુ હિંસા તથા છેડતીના બનાવો બને ત્યારે ૧૮૧ મહિલા હેલ્પલાઇ તથા પોલીસ નો સંપર્ક કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી,કાનુની સહાય અને રક્ષણ કઇરીતે મેળવી શકાય જે બાબતની જાણકારી આપાવામા આવી.

(૨) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં શકમંદ ઇસમો કે અજાણી વ્યક્તિઓ મળે તો સત્વરે કાર્યવાહી હાથ ધરવા ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના થઇ આવેલ હોય. જેથી તા.૨૭/૦૬/૨૦૨૩ના રોજ સાંજના સમયે પો.સબઇન્સ.શ્રી કે.આર.જાટીયા તથા લોકરક્ષક પુષ્પરાજસિંહ દેવેન્દ્રસિંહનાઓ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હરીશ ટોકીઝ પાર્કીગ પાસે એક અજાણ્યો વ્યક્તિ બેઠેલ હોય જેની પુછપરછ કરતા પો તાનુ નામ રાહુલ કુમાર રશેમભાઇ સીંગ રહે.બેલહર-ગામ, તા.મદનપુર, જી.ઓરંગાબાદ,રાજ્ય-બિહારવાળો હોવાનુ જણાવી તેઓની માનસિક સ્થિતિ સારી ન હોવાથી તેઓ મુંબઇથી બિહાર જવાના બદલે અહી પોરબંદર આવી ગયેલ છે અને પોતાના પરીવારથી વિખુટો પડી ગયેલ હોવાનું જણાવતા,પો.ઇન્સ.શ્રી વી.પી.પરમારને સમગ્ર હકીકતથી વાકેફ કરી, મજકુરને પોલીસ સ્ટેશન લાવવામા આવેલ અને તેઓના

ખિસ્સામાં રહેલ એક ચીઠ્ઠીમાં મોબાઇલ નંબર લખેલ હતા જેના પર ફોન કરી હકિકત ઉપરોક્ત હકીકત અંગે જાણ કરતા તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ કીર્તિમંદિર પોલીસ સ્ટેશન આવી પોતાનુ નામ સીંગ રાકેશભાઇ બ્રીજનંદન હોવાનું તેમજ તેઓ રાહુલકુમારના મામાના દિકરા હોવાનુ જણાવેલ જેથી તેઓને જણાવેલ કે રાહુલકુમાર છેલ્લા એક મહીનાથી કોઇને કહ્યા વગર જતો રહેલ હોવા ની કિકત જણાવતા તેઓનુ મીલન કરાવી, "પોલીસ પ્રજાનો મિત્ર છે" તે સુત્રનેસાર્થક કરી, પ્રશંસનીય કામગીરી કરેલ છે. કામગીરી કરનાર- કીર્તિમંદિર પો.સ્ટે.ના PI વી.પી.પરમાર, PSI કે.આર.જાટીયા, PSI આર.કે. કાંબરીયા,WASI એમ.આર.ચૌહાણ, જે.એચ.કડછા,PC પુષ્પરાજસિંહ દેવેન્દ્રસિંહ,વિશાલ રવજીભાઇ તથા અરવિંદ કાનાભાઈ શામળા તથા મયુરભાઇ લખમણભાઇનાઓ રોકાયેલ હતા.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર